18. દુહા-મુક્તક-હાઈકુ

1. અજ્ઞાત લોકકવિ

આપણે લોકસાહિત્યનો અગાઉ પરિચય મેળવ્યો છે. લોકસાહિત્યની પરાંપરામાં પ્રચલિત બે દુહાઓ આપ્યા છે.

આ દુહાઓમાં નીતિબોધ આપવામાં આવ્યો છે. દુઃખમાં વ્યાકુળ થવાથી દુઃખ દૂર થતું નથી, ઉદ્યમ અને પ્રયત્ન કરવાથી દૂર થાય છે. ઉપકાર કરનાર ઉપર ઉપકાર કરીએ એ તો વહેવાર ગણાય; ખરી ક્ષત્રિયવટ તો અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવામાં આવે તેમાં છે.

2. ગીતાબહેન પરીખ

કવયિત્રી ગીતાબહેન સૂર્યકાંત પરીખ (જન્મ : ઈ. 1929, અવસાન : ઈ. 2012)ના 'પૂર્વી' અને 'ભીનાશ' નામના કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. એમનાં મુક્તકોમાં ચોટ અને ચમત્કૃતિ જોવા મળે છે.

મુક્તકમાં બે કે ચાર લીટીમાં કોઈ વિચારનું સઘન અને રસાત્મક નિરુપણ થયેલું હોય છે, 'રસ' નામના એક પંક્તિના મુક્તકમાં કવયિત્રીએ દૃષ્ટાંતથી રસસભરતા અને શુષ્કતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. જેવી રીતે સૂકાં પાંદડાં અવાજ કરે છે અને લીલાં પાંદડાં શાંત રહે છે તેવી જ રીતે કામગરા માણસો મૌન રહે છે જ્યારે આળસુ માણસો વ્યર્થ બબડાટ કરતા હોય છે.

3. 'સ્નેહરશ્મિ'

'સ્નેહરશ્મિ' ઉપનામથી જાણીતા કવિ ઝીણાભાઈ રતનજી દેસાઈ (જન્મ : ઈ. 1903, અવસાન : ઈ. 1993) ચીખલી (જિલ્લો વલસાડ) ગામના વતની હતા. ઘણાં વર્ષો સુધી અમદાવાદમાં આવેલી ચી. ન. વિદ્યાવિહારના આચાર્ય તરીકે એમણે કાર્ય કર્યું હતું. 'અર્ધ્ય' અને 'પનઘટ' જેવા કાવ્યસંગ્રહો ઉપરાંત એમણે જાપાની કાવ્યપ્રકાર હાઈકુનો સંગ્રહ 'સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ' આપેલ છે. એમનાં લયમધુર ગીતો અને કોમળ ભાવસ્પર્શી હાઈકુ વિશેષ જાણીતાં છે. કાવ્યો ઉપરાંત એમણે ટૂંકી વાર્તાઓ, નવલકથા અને આત્મકથા પણ લખ્યાં છે.

પહેલા હાઈકુમાં વૃક્ષની સૂકી ડાળ ઉપર પોપટના બેસવાથી જાણે વૃક્ષને લીલાં પાન ફૂટ્યાં એવો કલ્પન-ભાવ રજૂ થયો છે. બીજા હાઈકુમાં પણ એક રમ્ય કલ્પન-ભાવ રજૂ થયો છે. અંધારું બધી વસ્તુઓને કાળાશથી રંગી દે છે, માત્ર દીપ જ રંગાતો નથી.

દુહા

વિપત પડે ના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

*

ગુણની ઉપર ગુણ કરે, એ તો વેવારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

(લોકસાહિત્ય)

મુક્તક

સૂકાં પર્ણો વન ગજવતાં,
શાંત લીલાં સદાયે.

('પૂર્વી'માંથી)

*

હાઈકુ

સૂકેલી ડાળે
પોપટ બેઠો; પાન
ચોગમ લીલાં.

*

ફરતી પીંછી
અંધકારની : દીપ
નહીં રંગાય.

('સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ'માંથી)

● ટિપ્પણ

વિપત દુ:ખ, આફત, મુશ્કેલી **વલખવું** દુ:ખી થઈ જવું **ઉદ્યમ** યત્ન, મહેનત **ગુણ** સદ્ગુણ, સારાં લક્ષણ **વેવારાં વટ્ટ** વહેવારની રીત **ચોગમ** ચારેય દિશામાં, ચોમેર **ખત્રિયાં** ક્ષત્રિયોની, ઉમદાજનોની

● ભાષાસજ્જતા

દુહો

દુહાને મુક્તકનો એક પ્રકાર કહી શકાય. ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં જોમદાર અને માર્મિક દુહાઓ લોકો દ્વારા રચાયેલા જોવા મળે છે.

દુહાનાં કુલ ચાર ચરણ હોય છે અને એનું સ્વરૂપ ગેય હોય છે. નાજુક ભાવ, ચિત્ર, વિચાર કે બોધ દુહામાં એવી રીતે રજૂ થાય છે કે તેની અસર ચોટદાર હોય છે. દુહાની રચનામાં લાઘવ, રસપ્રચુરતા, ચિત્રશક્તિ અને જોમ વગેરે રહેલાં હોય છે.

દુહાને પ્રેમ અને શૌર્યના વિષય વધુ અનુકૂળ છે. લોકસાહિત્યમાં મુખ્યત્વે એવા દુહા જ વધુ પ્રચલિત થયા છે. રામનારાયણ પાઠક, પૂજાલાલ, 'ઉશનસ્' જેવા આધુનિક કવિઓએ પણ જીવનના મર્મને પ્રગટ કરતા દુહા લખ્યા છે.

મુક્તક

મુક્તક એ ટૂંકો, ચાર પદ અને બે લીટી ધરાવતો ચુસ્ત કાવ્યપ્રકાર છે. છેક જૂના સમયથી તે ઘણો જ પ્રખ્યાત રહ્યો છે અને આજપર્યન્ત વિકસતો રહ્યો છે. અનેક કવિઓએ આ પ્રકારને અજમાવ્યો છે.

સંસ્કૃતનાં સુભાષિતો આવાં મુક્તકો જ છે. એમાં જીવનનું સારરૂપ ડહાપણ થોડા શબ્દોમાં ગૂંથાયું હોય છે.

મધ્યકાલીન ગુજરાતીના વચ્છરાજ, શામળ, ભીમ અને અખા જેવા કવિઓની છપ્પા અને ચોપાઈની રચનાઓ પણ મુક્તકનું રૂપ પ્રગટ કરે છે. આ પ્રકારનાં દુહારૂપ મુક્તકો આપણા લોકસાહિત્યમાં પણ ખૂબ પ્રચલિત છે.

મુક્તક એટલે મુક્ત - સ્વતંત્ર કાવ્યરૂપ. મોતી જેમ નાનું હોય છે અને માળામાં રહેવા સર્જાયું હોય છે. તે એકલું પણ ભારે તેજસ્વી હોય છે.

લક્ષણો

- મુક્તક સંક્ષિપ્ત હોય છે, એટલે કે ગાગરમાં સાગર સમાવવા જેવું કામ કરે છે.
- એમાં દૃષ્ટાંત, બોધ, નીતિ, શૃંગાર, પ્રેમ, ચિંતન, પ્રકૃતિ વગેરે વર્ણ્ય વિષય તરીકે આવે છે.
- મુક્તકની ભાષા સરળ, પ્રાસયુક્ત અને ચોટદાર હોય છે.

હાઈકુ

પદ, નાટક, ખંડકાવ્ય - એ જેમ આપણા પોતાનાં સાહિત્યનાં સ્વરૂપો છે, તેમ સૉનેટ અને હાઈકુ જેવાં સ્વરૂપો આપણે પરદેશી સાહિત્યમાંથી સ્વીકાર્યાં છે. સૉનેટનો ઉદ્ભવ જેમ ઇટલીમાં થયો તેમ હાઇકુનો કાવ્યપ્રકાર જાપાનમાં થયો. ઈ.સ. 1960ની આસપાસ ઝીણાભાઇ દેસાઈ - સ્નેહરશ્મિએ ગુજરાતીમાં હાઈકુ મોટા પ્રમાણમાં લખ્યાં. પરિણામે બીજા ઘણા કવિઓ તેના તરફ આકર્ષાયા અને પરિણામે હાઈકુ ગુજરાતી કાવ્યપ્રકાર જેવું બની ગયું.

17 અક્ષરની કાવ્યકૃતિ એટલે હાઈકુ. જેમાં 5-7-5 એવું પંક્તિદીઠ તેનું અક્ષર વિભાજન થાય છે.

હાઈકુ સાદી, સંક્ષિપ્ત અને ચિત્રાત્મક કાવ્યકૃતિ છે. હાઈકુની સૌથી નોંધપાત્ર બાબત એની ચિત્રાત્મકતા છે આ લઘુરચનાનો પ્રત્યેક શબ્દ એક-એક સૌંદર્યચિત્ર ઊપસાવતો જાય છે અને તેમાંથી એક અપૂર્વ અનુભવ જન્મે છે. તેમાં જ તેની સાર્થકતા છે. એમ કહેવાય છે કે હાઈકુ જ બોલે છે, કવિ બોલતો નથી.

● અભ્યાસ

1. નીચેના દુહાનો મુખ્ય વિચાર કહો.

1. વિપત પડે ના .... વિપતને ખાય.
2. ગુણની ઉપર .... ખત્રિયાં વટ્ટ.

2. ‘ફરતી પીંછી’ હાઈકુનો મુખ્ય વિચાર કહો.

3. વિચારવિસ્તાર કરો :

ઊગે કમળ પંકમાં, તદપિ દેવ શિરે ચડે;
નહિ કુળથી કિંતુ, મૂલ મૂલવાય ગુણો વડે.

● સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

1. દુઃખ આવી પડે ત્યારે કેવું વલણ અપનાવવું જોઈએ ?
2. વ્યવહારની રીત અને ક્ષત્રિયવટ વચ્ચે શો ભેદ છે ?
3. લીલાં અને સૂકાં પાનના દૃષ્ટાંતથી કવયિત્રી કયો ભાવ પ્રગટ કરે છે ?
4. કોઈ એક હાઈકુનો ભાવાર્થ સ્પષ્ટ કરો.
5. તમારા વિસ્તારમાં ગવાતા દુહા મેળવીને લખો.

● પ્રવૃત્તિ

- દુહા, મુક્તક, હાઈકુ વગેરે સ્થાનિક પુસ્તકાલયમાંથી શોધીને અંક બનાવો.
- હાઈકુના બંધારણ મુજબ તમે જાતે હાઈકુનું સર્જન કરો.
- શાળામાં આવતાં 'સામયિકો'નાં નામોની યાદી, તેના તંત્રી, લવાજમ તથા પ્રકાશન સંસ્થા-સ્થળ વિશે જાણકારી મેળવો.